સ્પોર્ટ્સ અપડેટ

પાકિસ્તાન-ન્યુઝીલેન્ડ વચ્ચે આજે નેલ્સનમાં વન ડે જંગ

નેલ્સન,

નેલ્સન ખાતે આવતીકાલે ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે બીજી વનડે મેચ રમાનાર છે. આને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ન્યુઝીલેન્ડ શ્રેણીમાં ૧-૦ની લીડ ધરાવે છે. છઠ્ઠી જાન્યુઆરીના દિવસે વેલિંગ્ટન ખાતે રમાયેલી પાંચ વનડે મેચોની શ્રેણીની પ્રથમ મેચમાં યજમાન ન્યુઝીલેન્ડે ડકવર્થ લુઈસ પદ્ધતિના આધારે પાકિસ્તાન પર ૬૧ રને જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે ૫૦ ઓવરમાં સાત વિકેટે ૩૧૫ રન કર્યા હતા. આના જવાબમાં પાકિસ્તાનની ટીમ ૩૦.૧ ઓવરમાં ૧૬૬ રન બનાવી શકી હતી. ડકવર્થ લુઈસ પદ્ધતિના આધારે પાકિસ્તાનને ૩૦.૧ ઓવરમાં ૨૨૮ રન બનાવવાની જરૂર હતી પરંતુ તેની ટીમ ૧૬૬ રન જ બનાવી શકી હતી. અગાઉ ન્યુઝીલેન્ડ તરફથી વિલિયમસને ૧૧૭ બોલમાં આઠ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૧૫ રન ફટકાર્યા હતા. આ ઉપરાંત નિકોલસે ઝડપથી ૫૦ રન બનાવ્યા હતા. ગુપ્ટિલ ૪૮ અને મુનરો ૫૮ રન કરીને આઉટ થયા હતા. ઘરઆંગણે ન્યુઝીલેન્ડની ટીમ હોટફેવરિટ દેખાઈ રહી છે. શ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી લેવા માટે તૈયાર છે. તમામ ક્રિકેટ ચાહકોની નજર કેપ્ટન વિલિયમસન, ગુપ્ટિલ, મુનરો ઉપર કેન્દ્રિત રહેશે. આ ઉપરાંત તાજેતરના સમયમાં બોલ્ટ ખુબ જ ઘાતક બોલર તરીકે સાબિત થયો છે. આવી સ્થિતિમાં તે શક્તિશાળી તરીકે ઉભરી શકે છે. બીજી બાજુ પાકિસ્તાનની ટીમ પ્રથમ મેચમાં કંગાળ દેખાવ કર્યા બાદ આવતીકાલે પુરી તાકાત સાથે મેદાનમાં ઉતરે તેવી શક્યતા દેખાઈ રહી છે. પાકિસ્તાનના ખેલાડીઓ પણ લડાયક દેખાવ કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે.

સિડની : ઇનિંગ્સ અને ૧૨૩ રને ઓસ્ટ્રેલિયાની ભવ્ય જીત

સિડની,

સિડની ખાતે રમાયેલી પાંચમી ટેસ્ટ મેચમાં પણ ઓસ્ટ્રેલિયાએ ઈનિંગ્સ અને ૧૨૩ રને જીત મેળવીને એસીઝ શ્રેણી ૪-૦થી જીતી લીધી હતી. આની સાથે જ ઈંગ્લેન્ડને કારમીરીતે હાર આપવામાં સફળતા મેળવી હતી. આજે પાંચમાં અને અંતિમ દિવસે ઈંગ્લેન્ડની ટીમ તેના બીજા દાવમાં માત્ર ૧૮૦ રન કરીને આઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી કમિન્સે ૩૯ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી જ્યારે લિયોને ૩ વિકેટ ઝડપી હતી. મેન ઓફ દ મેચ તરીકે પેટ કમિન્સની પસંદગી કરાઈ હતી જ્યારે મેન ઓફ દ સિરીઝ તરીકે સ્ટિવ સ્મિથની પસંદગી કરવામાં આવી હતી. માર્શ બંધુઓની સદીની મદદથી અગાઉ ઓસ્ટ્રેલિયાએ પોતાની સ્થિતિ અતિ મજબૂત બનાવી લીધી હતી. શોન માર્શ ૧૫૬ રન બનાવ્યા બાદ રન આઉટ થયો હતો. જ્યારે એમઆર માર્શ ૧૦૧ રન બનાવ્યા બાદ આઉટ થયો હતો. આ બન્ને બંધુઓએ ૧૭૯ રનની ભાગીદારી નોંધાવીને ઓસ્ટ્રેલિયાને આ ટેસ્ટ મેચમાં પણ લાવવામાં સફળતા મેળવી હતી. ઓસ્ટ્રેલિયાએ તેનો પ્રથમ દાવ સાત વિકેટ ગુમાવીને ૬૪૯ રને ડિકલેર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે,અગાઉ ઐતિહાસિક મેલબોર્ન ખાતે રમાયેલી ચોથી ટેસ્ટ મેચ અગાઉ ડ્રોમાં પરિણમી હતી. ધારણા પ્રમાણે જ ઈંગ્લેન્ડના બોલરો ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનોને બીજા દાવમાં આઉટ કરી શક્યા ન હતા. મેચને ડ્રો જાહેર કરવામાં આવી ત્યારે ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટે ૨૬૩ રન બનાવી લીધા હતા. પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૩-૦ની લીડ મેળવી લીધી હતી. મેન ઓફ દ મેચ તરીકે બેવડી સદી ફટકારનાર સ્મિથની પસંદગી કરવામાં આવી હતી.ત્રીજી ટેસ્ટ પણ ઓસ્ટ્રેલિયાએ જીતી હતી. પર્થ ખાતેની ત્રીજી ટેસ્ટ ઓસ્ટ્રેલિયાએ ઈનિંગ્સ અને ૪૧ રને જીતી હતી. બીજી ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૧૨૦ રને જીત મેળવ હતી. જ્યારે પ્રથમ ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયાએ ૧૦ વિકેટે જીતી હતી. બ્રિસ્બેનના ગાબા મેદાન ખાતે રમાયેલી એસીઝ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ધારણા પ્રમાણે જ આ ટેસ્ટ મેચ ૧૦ વિકેટે જીતી લીધી હતી. આની સાથે જ એસીઝ શ્રેણીમાં ઈંગ્લેન્ડ ઉપર ૧-૦ની લીડ મેળવી લીધી હતી. જીતવા માટેના ૧૭૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ કોઈપણ વિકેટ ગુમાવ્યા વિના આ રન બનાવી લીધા હતા અને જીત મેળવી હતી. સમગ્ર શ્રેણી દરમિયાન સ્ટિવ સ્મિથ જોરદાર દેખાવ સાથે આગળ વધ્યો હતો.

નલીયાબાદ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ઠંડી

સુરત,

જમ્મુ કાશ્મીર અને ઉત્તર ભારતમાં થઈ રહેલ કાતિલ ઠંડીના પગલે ઉત્તર દિશાથી ફૂંકાતી શિતલહેરની અસર રાજ્યમા જોવા મળી રહી છે. નવા વર્ષની શરૂઆત સાથે ઠંડીનું જોર વધ્યું છે. ગત રાત્રે રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયા બાદ વલસાડમાં નોંધાઈ છે.

હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી સતત ઠંડીનું જોર વધી રહ્યું છે. ઉત્તર દિશાથી ફૂંકાઈ રહેલ શિતલહેરની દક્ષિણ ગુજરાતમાં વર્તાઈ રહી છે. ગતરોજ રાજ્યમાં સૌથી વધુ ઠંડી નવસારીમાં ૭ ડિગ્રી નોંધાઈ હતી.

આજે નવસારીમાં ૯.૫ ડિગ્રીનો ઠંડી નોંધાઈ હતી. આજે સૌથી વધુ ઠંડી નલિયામાં ૮.૫ ડિગ્રી બાદ વલસાડમાં ૯ ડિગ્રી નોંધાઈ છે. નવસારી અને વલસાડમાં સાંજ થતાની સાથે જ ઠંડો પવન ફૂંકાતા કાતિલ શિતલહેર છવાઈ જાય છે. રાત્રે ઠંડીનો ચમકારો વધે છે. જ્યારે મળસ્કે ઠંડીનો જોર અત્યંત વધી જવાથી સામાન્ય જનજીવનને અસર થાય છે. સવારના સમયે નોકરી

વલસાડમાં ૯, નવસારીમાં ૯.૫ અને સુરતમાં ૧૩.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન

ધંધાર્થે જનારા, અપડાઉન કરનારા અને શાળા કોલેજના વિદ્યાર્થીઓને કાતિલ ઠંડીનો સામનો કરવો પડે છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૨૭.૫ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૩.૮ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૪.૮ મીલીબાર નોંધાયુ છે.

શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ઠંડો પવન ફૂંકાતા શહેરમાં દિવસે પણ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે જ્યારે રાત્રિના સમયે અને મળસ્કે શહેર હિલ સ્ટેશનમાં ફેરવાઈ જાય છે. હવામાન વિભાગના સૂત્રોએ વધુમાં ઉમેર્યું છે કે, આગામી એક-બે દિવસ સુધી આવુ જ વાતાવરણ રહેશે ત્યારબાદ ઠંડીનું પ્રમાણ ધીરે ધીરે ઓછું થશે.

ઝઘડીયાના ઉમલ્લા પાસે આવેલ કંપનીના કામદારો હડતાલ પર ઉતર્યા

ઝઘડીયા,

ઝઘડીયાના ઉમલ્લા પાસે આવેલ રાજશ્રી પોલીફીલ લી કંપનીના કામદારો તથા કોન્ટ્રાકટ બેઝ પર કામ કરતા કુલ પાંચસોથી વધુ કામદારોએ આજે તેમની વિવિધ માંગણીઓ સાથે કંપની ખાતે હલ્લાબોલ કરી હડતાલ પર ઉતર્યા છે. ભિલીસ્થાન ટાઈગર સેનાની આગેવાનીમાં કામદારોએ તેમની ૬ જેટલી માંગણીઓ સાથે કંપની સંચાલકોને આવેદનપત્ર પાઠવ્યુ છે અને ૨૪ કલાકમાં તેમની માંગણીઓ પર ધ્યાન નહી આપવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

ઝઘડીયાના ઉમલ્લા પાસે આવેલ રાજશ્રી પોલીફીલ લી. કંપની યાર્નનું ઉત્પાદન કરે છે આજે વહેલી સવારથી કંપનીના કામદારો તથા કોન્ટ્રાકટ પર કામ કરતા કામદારોએ તેમની વિવિધ માંગણીઓ સાથે હડતાલ પર ઉતર્યા છે, કામદાર સંગઠન દ્વારા (૧) શિડ્યુલ એરીયામાં સ્થાનીક ઉદ્યોગોએ સ્થાનીક રોજગારીનુ પ્રમાણ નહી જાળવી પરપ્રાંતિયોને નોકરી આપી સ્થાનીકો સામે અન્યાય કર્યો છે જે તદ્દન ગેરવ્યાજબી છે (૨) સ્થાનીક લોકોને નીચલા પગાર દરે રાખી અને પરપ્રાંતિયોને બમણા પગોર કામે રાખી પગાર ધોરણમાં અસમાનતા રાખી સામાજીક શોષણ સમાન હોય તે સાંખી લેવાય તેમ નથી (૩) કંપનીના કોન્ટ્રાકટરો દ્વારા કંપની પાસેથી ઉચો વેતન દર વસુલ કરી સ્થાનીકોને નીચા દરે કોન્ટ્રાકટ પર કામે રાખી ગુનાહીત કૃત્ય કરેલ છે (૪) કંપની દ્વારા કામદારોને છેતરી ત્રણ ત્રણ વર્ષ સુધી એપ્રેન્ટિસ/ટ્રેઈની તરીકે રાખી છેતરવામાં આવી રહયા છે, ત્રણ વર્ષ કંપનીમાં કામ કરતા કામદારોને કાયમી કરવાની માંગ કીર છે. (૫) કંપનીના કામદારોના પગારમાંથી પ્રોવિડંન્ડ ફંડ પેટે રકમ કાપી લઈ પીએફ ખાતામાં જમા કરવામાં આવતો નથી અને બારોબાર ગોટાળા કરવામાં આવે છે જે બાબતે કામદારોને ન્યાય મળવો જોઈએ (૬) કંપની દ્વારા લેબર વેલફેરની યોજના, મેડીકલ, બાળકો માટે શિક્ષણ કામદારોની સુરક્ષા, કામદારોની હકક રકમ નુ પાલન કરી કામદારોનાં હક્કની માંગણી કરી છે. આ બાબતે રાજશ્રી પોલીફીલ લી. કંપનીના કામદાર આગેવાન મુકેશ વસાવા સાથે થયેલ વાતચીતમાં તેમણે જણાવ્યું કે વર્ષોથી કામ કરતા કામદારોને તેમના હક્કો કાયદા મુજબ મળવા જોઈએ, હડતાલ પર ઉતરેલા કામદારોને કંપની તરફથી ધમકી આપવામાં આવી રહી છે કે તમે કામ પર નહી આવો તો અમો બહારથી કામદારો લાવીશુ તેમ જણાવતા કામદારોનો આક્રોશ વધુ ભભુકી રહયો છે અને જો કંપની તરફથી અમારી માંગણીઓ પર ૨૪ કલાકમાં ધ્યાન નહી આપવામાં આવે તો અમો અમારી માંગણી સાથે ઉગ્ર આંદોલન કરીશું.★

ભિલોડા તાલુકાના મોંધરી ગામમાં એન.એસ.એસ. વિભાગ ધ્વારા

સ્વચ્છતા જાગૃતિ શિબિરનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ભિલોડા,

ભિલોડા તાલુકાના મોંધરી ગામમાં એન.એસ.એસ. વિભાગ ધ્વારા સ્વચ્છતા જાગૃતિ શિબિરનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો.બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ.જોષી,બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,બામણા એન.એસ.એસ.વિભાગ ધ્વારા સ્વચ્છતા જાગૃતિ શિબિર ઉદ્‌ઘાટન સમારોહ તા.૬/૧/૨૦૧૮ ને શનીવારના રોજ યોજાયો હતો. આ પ્રસંગે સામારંભ અધ્યક્ષ જગદીશભાઈ પટેલ જીલ્લા ખેતીવાડી અધિકારી,ભિલોડા તાલુકા વિકાસ અધિકારી કીરીટભાઈ ચૌધરી,મુખ્ય મહેમાનો બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી,બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય ડૉ.કલ્પનાબેન પટેલ,પ્રોગ્રામ ઓફીસર એન.એસ.એસ. વિભાગ નિવૃત્તિનાથ આર.જોષી,પ્રો.ભીખાભાઈ પટેલ,પંકજભાઈ એમ.જોષી,મોંધરી ગ્રામ પંચાયત સરપંચ કચરાભાઈ પટેલ સહિત અગ્રણી આગેવાનો,ગ્રામજનો,વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં સ્વચ્છતા જાગૃતી શિબિરનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો.★

ભ્રષ્ટાચાર, સ્થાનિકોને રોજગારી તેમજ ખેડૂતોની સમસ્યા અંગે આવેદનપત્ર સુપરત

ભરૂચ,

કિસાન વિકાસ સંઘ એન્ડ પોલ્યુશન કંટ્રોલ એસોસીએશન દ્વારા સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચાર સ્થાનિક બેરોજગારી અને ખેડૂતોની સમસ્યાઓના મુદ્દે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. કિસાન વિકાસ સંઘ એન્ડ પોલ્યુશન કંટ્રોલ કંટ્રોલ એસોસીએશન દ્વારા રાજયપાલને સંબોધેલ આવેદનપત્ર જીલ્લા કલેકટરને પાઠવવામાં આવ્યુ હતું જેમાં ભરૂચ જીલ્લાની મહેસૂલ કચેરીઓમાં કિસાનોની અરજીઓનો નિકાલ સમય મર્યાદામાં આવતો ન હોવાનો આક્ષેપ કરી ૯૦ દિવસ સુધી એન્ટ્રીઓ પણ કરવામાં આવતી નથી અને નાણાંનું વજન મુકવામાં આવે તો ૪૦ દિવસમાં અરજીઓના નિકાલ કરી દેવાતો હોવાનો પણ આક્ષેપ કરાયો છે અને જવાબદારો સામે શિક્ષાત્મક પગલા ભરવાની માંગ કરાઈ છે. આ ઉપરાંત ભરૂચ જીલ્લાના શિક્ષિત બેરોજગારોને સ્થાનિક ૮૦ ટકા ભરતીની નિયતી હોવા છતા પણ તેનુ પાલન કરવામાં આવતુ નથી લેન્ડ લુઝર્સોને પણ રોજગારી આપવામાં અખાડા કરવામાં આવે છે તેમજ સ્થાનિક કામદારો સાથે ઓરમાયુ વર્તન કરી સુરક્ષાની સુવિધા પણ આપવામાં આવતી નથી.

આવેદનપત્રમાં નર્મદાનો જળપ્રવાહ ઘટી જતા ખારાશની સમસ્યા સર્જાવા પામી છે તેથી સરદાર સરોવર ડેમમાંથી ૧૨૦૦૦ કયુસેક પાણી છોડવાની માગણી કરવામાં આવી છે તેમજ દિલ્હી-મુંબઈ એકસપ્રેસ હાઈવેમાં જમીન ગુમાવનાર ધરતીપુત્રોને વળતર ચુકવવાની અને બુલેટ ટ્રેન માટે જમીન સંપાદિત કરવા આ રીતે વળતર આપવામાં આવનાર છે જે અન્યાયકર્તા હશે આથી ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આવેદનપત્ર પાઠવવામાં રાષ્ટ્રીય પ્રમુખ અરવિંદસિંહ રાણા, પ્રદેશ પ્રમુખ અરૂણસિંહ ચૌહાણ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.★

આજરોજ દાહોદના રાધે ગાર્ડન પાર્ટીપ્લોટમાં દાહોદ શહેરના ડોકટરોએ દરવર્ષની જેમ આવર્ષે પણ મનાવયો નાટક તેમજ ગીત સંગીતનો પોગ્રામ ઈન્ડીય મેડીકલ એસોસીએશન ના રૂપમાં મનાવયો પોગ્રામ આ નાટય સંગીત પોગ્રામમાં દાહોદ શહેરના ગણમાન્ય ડોકટરોએ તેમની પુરી ફેમેલીની સાથે રાખી લીધો આ પોગ્રામમાં હિસ્સો આ પોગ્રામમાં રામાયણ કથા નાટક મીમીક્રી ગુજરાતી ગીત તેમજ હિન્દી ગીતોના પોતેજ બન્યા એકટર સીંગર તેમજ કલાકાર એકથી ડોડ મહિનાની કડી મેહનતની પ્રેકટીસ બાદ આજે દાહોદના ડોકટરોએ મનાવયો ગીત સંગીતનો પોગ્રામ.(તસ્વીરઃ- નઈમ મુન્ડા, દાહોદ)

પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિર માં દરવર્ષની જેમ આવર્ષે પણ શાકોત્સવની ભવ્ય ઉજવણી

પ્રાંતિજ,

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સ્વામિનારાયણમંદિર ખાતે ૩૦૨ વર્ષ થી ચાલી આવતી શાકોત્સવ ની પરમપરા આજે પણ યથાવત છે.અને દરવર્ષની જેમ આવર્ષે પણ શાકોત્સવ ની ધામધૂમથી

ઉજવણી કરવામાં આવીહતી.

પ્રાંતિજ મેન બજારમાં આવેલ શ્રી સ્વામી નારાયણ મંદિર ખાતે શાકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવીહતી તો મંદિર ના મહંત સ્વામી ગોપાલજીવનદાસજી દ્વારા મંદિર ના સભાખંડમાં સંતોના આશીર્વાદ કાર્યક્રમ યોજાયોહતો જેમાં ગુરૂ.શા.સ્વામી પ્રાણ જીવનદાસજી દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતાં. જયારે આજથી ૩૦૨ વર્ષ પહેલાં લોયા ગામમાં ભગવાન સ્વામીનારાયણ દ્વારા ૬૦ મણ રીંગણા અને ૧૨ મણ ધી થી શરૂઆત કરવામાં આવેલ પ્રથા આજેપણ યથાવત છે. તો પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિર સંકુલ માં ધર્મપ્રેમી મહિલા ઓ દ્વારા ઈંટો ના ચુલા બનાવી બાજરીના રોટલા બનાવેછે અને શાક ખીચડી અને છાશ નો ભોજન સ્વરૂપે પ્રસાદ લઈ હજારો હરિ ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

(તસ્વીરઃ- મનુભાઇ નાયી પ્રાંતિજ.)

લાલભાઈ સ્ટેડિયમ પાસે વોલેટ પાર્કિંગના બહાને ગઠિયો કાર લઈ છૂ

સુરત,

વોલેટ પાર્કિંગ કરવાના બહાને કાર લઈને અજાણ્યા વ્યકિત રફુચક્કર થઈ ગયો હતો.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એસવીએનઆઈટી કોલેજ સામે વીરભદ્ર રેસિડેન્સીમાં રહેતા પીનલબેન સ્વપ્નનીલ શાહે ડુમ્સસ રોડ લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમના ગેટ પાસે કાર લઈને ઊભા હતા, ત્યારે એક અજાણ્યા વ્યકિતએ આપીને જણાવ્યું હતું કે, હું વોલેટ પાર્કિંગ વાળો છું, મને ગાડી પાર્કિંગ કરવા માટે રૂા. ૪૦ અને ચાવી આપો, હું તમારી ગાડી પાર્કિંગ મૂકી આપીશ. જેથી ફરિયાદી પીનલબેને ગાડીની ચાવી અને રૂા. ૪૦ આપ્યા હતા. ત્યારબાદ અજાણ્યો વ્યકિત કાર લઈને રફુચક્કર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે પીનલબેન શાહે ઉમરા પોલીસ મથકે ફરિયાદી આપી હતી.

દનાહમાંGPL ટુર્નામેન્ટમાં ફલાન્ડી ટીમ ચેમ્પિયન

(તસ્વીરઃ- અશોક જોષી, વલસાડ)

વલસાડ,

દાદરા નગર હવેલીના ગલોન્ડા ખાતે આયોજિત ગલોન્ડા પ્રીમિયર લીગ(ઁ)ની આજે ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં ફલાન્ડી ટીમ ગલોન્ડા ટીમને હરાવી ચેમ્પિયન ટ્રોફી હાંસલ કરી છે. આ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન ટીમને ૨૫ હજાર અને ટ્રોફી તેમજ રનર્સઅપ ટીમને ૧૫ હજાર અને ટ્રોફી આપવામાં આવી હતી. ફાઈનલ મેચના મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેલા જિલ્લા પંચાયત પ્રમુખ રમણ કાકવા તથા સલાહકાર ઈન્દ્રજીત પરમારના હસ્તે ઈનામનું વિતરણ કરાયું હતું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં ફલાન્ડી ટીમે ૧૦ ઓવરમાં ૬૩ રન બનાવ્યા હતાં જવાબમાં ગલોન્ડા ટીમ ૬૦ રન બનાવી આઉટ થઈ ગઈ હતી. આદિવાસી વિકાસ સંગઠન દ્વારા આ ટુર્નામેન્ટને સ્પોન્સર કરવામાં આવી હતી. ટુર્નામેન્ટમાં મેન ઓફ ઘ સિરિઝ, બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન સહિત અનેક રોકડ ઈનમો પણ આપવામાં આવ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે,આ ઁ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન માજી સાંસદ અને આદિવાસી વિકાસ સંગઠનના પ્રમુખ શ્રી મોહનભાઈ ડેલકરના હસ્તે તા.૨૫ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું હતું . આદિવાસી વિકાસ સંગઠનના અગ્રણીઓ પણ આ ફાઈનલ મેચના સાક્ષી બન્યા હતાં.★

ઈડર તાલુકાના કુવાવા ગામમાં તસ્કરો ત્રાટક્યા

નિવૃત્ત જજ સહિત અલગ અલગ ૬ મકાનમાંથી રૂ.૯૩૦૦૦ની તસ્કરીથી ચકચાર

હિંમતનગર,

આ અંગે પ્રા પ્રાપ્ત થતી માહિતીને અનુસાર તેમજ ઈડર પોલીસ સ્ટેશને નોધાવેલી ફરીયાદ મુજબ સાબરકાંઠા જિલ્લાનાં ઈડર તાલુકાના કુવાવા ગામમાં ગત શુક્રવાર ની રાત્રી એ તસ્કરો એ નિવૃત્ત જજ સહિત અલગ અલગ ૬ મકાનમાં થી સોના ચાંદી ના દાગીના, કટાર,બેટરી, કપડાં,ડી.વી.ડી રોકડ રકમ સહિત રુપિયા ૯૩૦૦૦/- ના મત્તા ની તસ્કરી કરી રફુચક્કર થઈ જતા ચકચાર મચી જવા પામી છે જેથી આ ઘટનાને સંદર્ભે ઈડર પોલીસ સ્ટેશને ફરીયાદ નોધાતા ઈડર પોલીસે એફએસએલ અને ડોગ સ્કોડ ની મદદથી તસ્કરો નું પગેરું મેળવવા તપાસ ના ચક્રો ગતિમાન કર્યા છે.

(તસવીર : રાકેશ પંચાલ હિંમતનગર)

ઈડર તાલુકાના કુવાવા ગામમાં ગત શુક્રવાર ની મધ્યરાત્રી એ નિવૃત્ત જજ વિષ્ણુદાન મુળજીભાઈ ગઢવી ના મકાનમાં થી સોના ચાંદી ના દાગીના , પાંચ હજાર રૂપિયા રોકડા તથા ડીવીડી ના મત્તા ની તસ્કરી કરી હતી આ ઉપરાંત હરેશભાઈ વિષ્ણુદાન ગઢવી, નાથભાઈ છગનભાઈ પ્રજાપતિ, પ્રવિણભાઈ કોદરભાઈ પ્રજાપતિ અને પ્રકાશભાઈ પ્રજાપતિ ના મકાનમાં થી પણ તસ્કરો એ હાથફેરો કર્યો હતો જેમાં પ્રકાશભાઈ ના ઘરમાં થી સોના ચાંદી ના દાગીના સહિત મોટી મત્તા ની તસ્કરી કરી હતી. સદર ઘટનાને સંદર્ભે વહેલી સવારે એક પછી એક ૬ મકાનમાં થયેલી તસકરી ના સમાચાર ગામમાં વહેતા થતા ઘટના સ્થળ પર લોકો ના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા

જેથી આ ઘટનાને સંદર્ભે રૂપિયા ૯૩૦૦૦/- ના મત્તા ની તસ્કરી કરી રફુચક્કર થઈ ગયેલા તસ્કરો વિરુધ્ધ પ્રકાશભાઈ કચરાભાઈ પ્રજાપતિ એ ઈડર પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૪૫૭ ,૩૮૦ મુજબ ગુનો દાખલ કરી એફએસએલ અને ડોગ સ્કોડ ની મદદથી તસ્કરો નું પગેરું મેળવવા તપાસ ના ચક્રો ગતિમાન કર્યા છે.★

કેબલ બ્રિજ પર સ્થાનિક વાહનોની ટોલમુક્તિ માટે બુલંદ બનતી માંગ

ભરૂચ,

ભરૂચના ઝાડેશ્વર સ્થિત નર્મદા નદી પરના કેબલ બ્રિજ પર સ્થાનિક વાહનોની મુક્તિ રદ કરવામાં આવતા તે સામે વિરોધ વંટોળ ઉઠવા પામ્યો છે. ભરૂચ યુવા કોંગ્રેસ અને ટ્રાન્સપોર્ટસ દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી સ્થાનિક વાહનોની મુક્તિ ચાલુ રાખવાની માંગ સાથે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ઝાડેશ્વર સ્થિત નર્મદા નદી પરના કેબલ બ્રિજનુ વડાપ્રધાન મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યા બાદ નવરાત્રીથી ટોલટેકસનુ ઉઘરાણુ શરૂ કરવામાં આવતા વિપક્ષ કોંગ્રેસ સહિત વિવિધ સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

જેના પગલે ચૂંટણીના કારણે સ્થાનિક વાહનોને ટોલટેક્ષમાં મુક્તિ આપવામાં આવી હતી હવે ચૂંટણી સંપન્ન થતા સ્થાનિક વાહનોનો ટેક્ષ મુક્તિ રદ કરવામાં આવતા યુવા કોંગ્રેસ સહિત સ્થાનિક ટ્રાન્સપોર્ટર્સ દ્વારા આ મુદ્દે જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ટોલટેકસ મુક્તિ કાયમ માટે ચાલુ રાખવાની માંગણી કરવામાં આવી હતી.

(તસ્વીરઃ- વિરલ રાણા, ભરૂચ)

કરજણ, કામરેજ તેમજ વલસાડ ખાતેના ટોલ બુથ પર સ્થાનિક વાહનોની મુક્તિ યથાવત છે ત્યારે ભરૂચ જીલ્લાને શા માટે અન્યાય કરવામાં આવી રહયો છે જેવા પ્રશ્નો સાથે ટોલટેકસનો આ બોજ સામાન્ય પ્રજાજનો પર આવશે તેમ કરી તે નાબુદ કરવાની માંગણી કરવા સાથે ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

આવેદનપત્ર પાઠવવામાં યુવા કોંગ્રેસના અગ્રણીઓ શમસાદ અલી સૈયદ, નિકુંજ મિસ્ત્રી, ઝુલ્ફીકર સૈયદ સહીત ટ્રાન્સપોર્ટસ ઉપસ્થિત રહયા હતા. ટોલટેકસ ઉઘરાવવા સામે વધી રહેલા વિરોધ બાદ હાલ ટોલટેકસ માટે દબાણ કરવામાં આવી નથી રહયુ પરંતુ આ મુદ્દાના કાયમી ધોરણે નિવારણ કરવામાં આવે તે જરૂરી છે.★

ભિલોડા જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ભિલોડા,

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત જન સેવા અંગ્રેજી,ગુજરાતી મીડીયમના વિદ્યાર્થીઓનો ચાર દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.જન સેવા સંઘ પ્રમુખ ગીરીશકુમાર ઉપાધ્યાય, મંત્રી ભુપેન્દ્રભાઈ પંડ્યા, રોહિતભાઈ ત્રિવેદી,કારોબારી સભ્ય ગોપાલભાઈ જોષી, ભરતભાઈ ત્રિવેદી,શંભુભાઈ ત્રિવેદી,આચાર્ય બિનતાબેન ભટ્ટ, બી.એસ.ઝાલા, સુમિત્રાબેન કટારાના જણાવ્યા મુજબ શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન જોવાલાયક સ્થળો જેવા કે ચોટીલા,નવા રણુંજા, દિવ, નાગદા બીચ, સોમનાથ, જુનાગઢ, ખોડલધામ, વીરપુર સહિત ધાર્મિક અને જોવાલાયક સ્થળો શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન બતાવાયા હતા.જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

નડિયાદના યોગીનગર પ્રાથમિક આરોગ્ય ક્રેન્દ્રમા સ્વચ્છતા અભિયાન અંતરગત નડિયાદ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન સંજયસિંહ મહીડાએ આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી સાથે ડો નાયક તથા સ્ટાફ નજરે પડે છે.(તસ્વીરઃ- સાજીદ સૈયદ, નડિયાદ)

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

નામ બદલેલ છે
મેં મારૂ નામ **મિસ્ત્રી નિતિનકુમાર અશ્વિનકુમાર** હતું તે બદલીને **સુથાર નિતિનકુમાર અશ્વિનકુમાર** રાખેલ છે. સરનામું : ૧૩-૧-૪૦, તાલુકા શાળાની પાછળ, મુ.પોઃ- ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા-૩૮૩૨૫૫
368

GOPALA POLYPLAST LTD.
Registered Office: 485, Santej- Vadsar Road, Santej, Tal. Kalol, Dist. Gandhinagar- 382721, GUJARAT
CIN: L25200GJ1984PLC050560 Website: www.gopalapolyplast.com
NOTICE
Notice is hereby given that Pursuant to Regulation 31A read with Regulation 47 of SEBI (LODR) Regulation, 2015, that a meeting of Board of Directors of the company is scheduled to be held on Friday, January 12, 2018, Inter alia, to considered for certain Promoter Group persons/entities for reclassifying them as public.
By Order of the Board
For Gopala Polyplast Limited
Sd/-
Manoj Somani
Managing Director
DIN :00119021
Date : 08th January, 2018
Place: Santej

VINYOFLEX LIMITED
Regd. Off : 307, Silver Chamber, Tagore Road, Rajkot - 360 002.
CIN : L25200GJ1993PLC019830
Ph. : 0281-2468345, 2468776
Fax : 0281-2468839
Web site : www.vinyoflex.com
E mail : info@vinyoflex.com
NOTICE
Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations 2015 that the meeting of the Board of Directors of the Company is scheduled to be held on will be held on 30th January 2018, Tuesday at 11.00 A.M. at the registered Office of the Company for taking on record of the unaudited Financial Results for the quarter ended on 31st December 2017 and other matters.
This information is also available on the company`s
Website at : www.vinyoflex.com
and on website of the
Stock Exchange i.e. BSE
Website at : www.bseindia.com
For, **VINYOFLEX LIMITED**
by Order & behalf of the Board of Directors for Vinyoflex Ltd.
CS. Hetal Lodhiya
Company Secretary & Compliance Officer
Place: RAJKOT
Date: 09-01-2018